DEO દ્વારા કારણદર્શક નોટિસ ફટકારાઈ : વિદ્યાર્થીઓની હાજરી રેકર્ડમાં બેદરકારી

ઉ.બુ.માધ્યમિક શાળા સલરા ખાતે અનિયમિતતા ઝડપાઈ

બોર્ડ પરીક્ષામાં ગંભીર વિસંગતતા: ભૌતિક સુવિધાઓનો અભાવ: સરકારી સાયકલોનું અનાદર

(પ્રતિનિધિ) સુખસર,તા.1

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં આવેલી ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા, સલરા ખાતે વ્યાપક સ્તરે ચાલતી અનિયમિતતાઓ અંગે જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા તપાસ હાથ ધરી શાળા સંચાલકો, આચાર્ય તેમજ સ્ટાફને શો-કોઝ (કારણદર્શક) નોટિસ પાઠવવામાં આવી છે.DEO કચેરીની તપાસમાં નીચે મુજબની ગંભીર ક્ષતિઓ અને અનિયમિતતાઓ સામે આવી છે: રજિસ્ટર ચોપડે ધોરણ ૯ થી ૧૨માં કુલ ૧૩૬ વિદ્યાર્થીઓ નોંધાયેલા હોવા છતાં સ્થળ તપાસ દરમિયાન વર્ગખંડમાં માત્ર ૪ જ વિદ્યાર્થીઓ હાજર મળ્યા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે તપાસ ટાણે અન્ય શાળા (પ્રગતિ કન્યા વિદ્યાલય, બટકવાડા)માંથી ૨૭ બાળકોને લાવીને બોગસ હાજરી દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. શાળા તેના મંજૂર થયેલા મૂળ સ્થળને બદલે કોઈ સક્ષમ અધિકારીની મંજૂરી વિના જ છેલ્લા ૧ વર્ષથી અન્ય મકાનમાં ચલાવવામાં આવી રહી છે. શાળામાં પૂરતા વર્ગખંડો, હવા-ઉજાસ, બારીઓ અને રમત-ગમતના મેદાન જેવી પ્રાથમિક સુવિધાઓનો પણ ઘોર અભાવ જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ની 'સરસ્વતી સાધના યોજના' હેઠળ ધોરણ-૯ની કન્યાઓ માટે આવેલી ૧૪ સાયકલો વહેંચ્યા વગર સ્ટોર રૂમમાં ધૂળ ખાતી અને ખરાબ હાલતમાં મળી આવી છે. 'જ્ઞાનકુંજ પ્રોજેક્ટ' હેઠળ મળેલા ૫ સ્માર્ટ બોર્ડ અને ૪ લેપટોપ શાળામાં ઉપલબ્ધ ન હતા. આ ઉપરાંત, વિદ્યાર્થીઓની વાસ્તવિક હાજરી ન હોવા છતાં ખોટાં મહેકમ દર્શાવી ૨ 'જ્ઞાન સહાયક'ની માંગણી કરી સરકારી નાણાંનો વ્યય કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૬ની SSC બોર્ડ પરીક્ષા માટે ૩૧ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરાવ્યું હોવા છતાં એકપણ વિદ્યાર્થી પરીક્ષામાં બેઠો ન હતો. HSCમાં પણ ૧૩માંથી માત્ર ૪ વિદ્યાર્થીઓ જ પરીક્ષામાં હાજર રહ્યા હતા. શાળાનું જનરલ રજિસ્ટર, ડેડ સ્ટોક રજિસ્ટર અને વાર્ષિક હિસાબો અદ્યતન ન રાખવા તેમજ વહીવટી સ્ટાફ અને શિક્ષકો દ્વારા શૈક્ષણિક કામગીરીમાં ઘોર બેદરકારી દાખવવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના નિયમોના ભંગ બદલ કચેરી દ્વારા શાળાની નિભાવ ગ્રાન્ટ કેમ કાપી ન લેવી અથવા શાળાની નોંધણી રદ કરવાની દરખાસ્ત કેમ ન કરવી તે અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે.આ બાબતે શાળાના પ્રમુખ/મંત્રી,આચાર્ય મનિષાબેન પારગી, વહીવટી ક્લાર્ક બાબુભાઈ ચરપોટ અને શિક્ષકોને ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ DEO કચેરી, દાહોદ ખાતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા આદેશ કરાયો છે.

આરોગ્ય સેવાઓની સમીક્ષા કરાઇ

દાભડા સબ સેન્ટરે DDOની ઓચિંતી મુલાકાતથી દોડધામ

(પ્રતિનિધિ) દાહોદ,તા.1

લીમખેડા તાલુકાના દાભડા સબ સેન્ટરની જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ઉપલબ્ધ કરાવવામાં આવતી આરોગ્ય સેવાઓની ગુણવત્તા, સબ સેન્ટરની કામગીરી તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓની સ્થળ પર સમીક્ષા કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીએ સબ સેન્ટર ખાતે ઉપલબ્ધ જરૂરી દવાઓના જથ્થા, આરોગ્યલક્ષી સાધન-સુવિધાઓ તેમજ દર્દીઓને દૈનિક ધોરણે આપવામાં આવતી સારવાર અંગેની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સબ સેન્ટરના કમ્યુનિટી હેલ્થ ઓફિસર અને ફિમેલ હેલ્થ વર્કર સાથે કામગીરીની સમીક્ષા કરી હતી.

અમદાવાદથી મજૂર સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહ્યાં

મહુડીથી માનગઢધામ સુધી આદિવાસી જનજાગૃતિ અર્થે ભવ્ય પદયાત્રા યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ,તા.1

આદિવાસી સમાજમાં જાગૃતિ, એકતા, શિક્ષણ, બંધારણીય અધિકારો અને સ્વાભિમાનનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડવાના હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ આદિવાસી પરિવાર અને યુવક મંડળ, મહુડી દ્વારા મહુડીથી માનગઢ ધામ સુધી ભવ્ય "આદિવાસી જનજાગૃતિ પદયાત્રા" નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મહુડી ખાતેથી પદયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પદયાત્રામાં ૩૦૦થી વધુ પદયાત્રીઓ જોડાયા હતા. પદયાત્રા દરમિયાન વ્યસનમુક્તિ, શિક્ષણ, એકતા અને બંધારણીય અધિકારો અંગેના સંદેશો આપતાં વિવિધ બેનરો તથા ઝાંખીઓ રજૂ કરવામાં આવી હતી. ખાસ કરીને આદિવાસી સમાજના બંધારણીય અધિકારો તેમજ આદિવાસીઓના હિતમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા વિવિધ ચુકાદાઓ અંગે પણ જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. પદયાત્રામાં મહુડીની આયોજક ટીમના આગેવાનો રાજેશભાઈ, મનસુખભાઈ, શંકરભાઈ, અશ્વિનભાઈ, દિલીપભાઈ, ભાવેશભાઈ સહિત સમગ્ર ટીમ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. અમદાવાદથી મજૂર સંગઠનના આગેવાનો પુનમભાઈ અને ભગોરાજી સહિત તેમની ટીમે પણ પદયાત્રામાં સહભાગી બની આદિવાસી એકતાનો સંદેશ આપ્યો હતો.

ફતેપુરા આર્ટસ કોલેજ ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) ફતેપુરા,તા.1

ફતેપુરા આર્ટસ કોલેજ ખાતે NSS પ્રોજેક્ટ અંતર્ગત "નશા મુક્ત અભિયાન - નશા છોડો, સ્વસ્થ જીવન જોડો" શિર્ષક હેઠળ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન NSS સંયોજક ડૉ. બી.એન. રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ફતેપુરા પોલીસ સ્ટેશનના સ્ટાફ અને કોલેજના અધ્યાપકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ફતેપુરા પોલીસ ટીમ દ્વારા યુવાનોને નશાના દૂષણ, સાયબર ક્રાઈમ, ટ્રાફિક નિયમો અને કાયદાકીય બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી સંદેશ અપાયો હતો કે, યુવાનો જ દેશનું ભવિષ્ય છે, તેથી કાયદાનું પાલન કરવું એ સૌની ફરજ છે.

બંને સ્થળોએથી પોલીસે રૂ.૧૪૩૦-રૂ.૧૪૩૦નો મુદ્દામાલ કબજે કર્યો

કાલોલ તાલુકામાં જુગારધામ પર પોલીસના દરોડા, ૭ ઝબ્બે

(પ્રતિનિધિ) કાલોલ,તા.1

કાલોલ તાલુકામાં પોલીસે જુગારધામ પર લાલઆંખ કરીને બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી કુલ ૭ ઈસમોને વરલી-પત્તાનો હાર-જીતનો જુગાર રમતા ઝડપી પાડ્યા છે. પ્રથમ બનાવમાં, વેજલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે કાલંત્રા ગામે ડેરી ફળિયામાં આવેલ ભલસિંહ પ્રભાતસિંહ ચૌહાણના ઘર આગળ કોતર નજીક દરોડો પાડ્યો હતો. જ્યાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા બળવંતસિંહ ઉર્ફે ભલસિંગભાઈ પ્રભાતસિંહ ચૌહાણ, વિનોદસિંહ ગણપતસિંહ ચૌહાણ, વિક્રમસિંહ પ્રતાપસિંહ ચૌહાણ અને પર્વતસિંહ દલપતસિંહ ચૌહાણ નામના ૪ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે દાવ પરથી રૂ. ૬૮૦, અંગ ઝડતીના રૂ. ૭૫૦ અને ગંજીપત્તા મળી કુલ રૂ. ૧,૪૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજા બનાવમાં, કાલોલ પોલીસે રાવળ ફળિયામાં ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા હિતેશકુમાર રાજુભાઈ પરમાર, ઈન્દ્રજીતસિંહ બળવંતસિંહ ગોહિલ અને રોનકકુમાર વિપુલભાઈ રાવળ નામના ૩ ઈસમોને ઝડપી લીધા હતા. અહીંથી પોલીસે દાવ પરના રૂ. ૬૨૦, અંગ ઝડતીના રૂ. ૮૧૦ અને ગંજીપત્તા મળી કુલ રૂ. ૧,૪૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

તાજપુરા ખાતે સાંસ્કૃતિક ડાયરો "ગુરુ વંદના" કાર્યક્રમ યોજાશે

હાલોલ: પૂજ્ય નારાયણ બાપુના પવિત્ર તપોભૂમિ શ્રી નારાયણ ધામ, તાજપુરા ખાતે જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે ભવ્ય સાંસ્કૃતિક ડાયરો "ગુરુ વંદના" - સૌને હાર્દિક જાહેર આમંત્રણ.શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપૂર્ણા ટ્રસ્ટ, તાજપુરા દ્વારા જન્માષ્ટમી અને ગુરુવંદનાના પાવન અવસરે તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ (શુક્રવાર), બપોરે ૩:૦૦ વાગ્યે શ્રી નારાયણ ધામ, તાજપુરા ખાતે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી ભવ્ય સાંસ્કૃતિક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

ધાર્મિક ભજનોથી માહોલ ભક્તિમય બની ગયો હતો

દાહોદમાં સૌ પ્રથમવાર નીકળેલી શ્રીજીની જાજરમાન આગમન યાત્રા

(પ્રતિનિધિ) દાહોદ,તા.1

દાહોદ શહેરમાં છેલ્લા કેટલાક વર્ષથી શ્રીજીની આગમન યાત્રાનો ટ્રેન્ડ શરૂ થયો છે. અને વાજતે ગાજતે શ્રીજીની ભવ્ય આગમન -યાત્રાનુ શહેરના દરેક ગણેશ મંડળો દ્વારા આયોજન કરવામાં આવે છે. અને ગણેશ ચતુર્થી પહેલા જ સમગ્ર દાહોદ શ્રીજી મય બની જાય છે. ત્યારે દાહોદમાં સૌ પ્રથમવાર બહારપુરા બાલ ગણેશ મંડળ દ્વારા દગડુશેઠ શ્રીજીની ભવ્ય જાજરમાન આગમન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આગમન યાત્રાનો શહેરના સ્ટેશન રોડ ચાર થાંભલા ખાતેથી આરંભ કરવામાં આવ્યો હતો.નાસિકના ઢોલની ગુંજ સાથે ચારા થાંભલા ખાતેથી નીકળેલ શ્રીજીની ભવ્ય જાજરમાન આગમન યાત્રા સરસ્વતી સર્કલ, ભગિની સમાજ, માણેકચંદ ચોક, જુની નગરપાલિકા ચોક, નેતાજી બજાર, પડાવ ચોક થઈ કિકલા વાલા! કમ્પાઉન્ડમાં આવી હતી આ આગમન યાત્રામાં હજારોની સંખ્યામાં શ્રીજી ભક્તો જોડાયા હતા.

કાળીગામ (ઇનામી)માં કલેક્ટર સુરભી ગૌતમનું સરપ્રાઈઝ ચેકિંગ

સરકારી દફતરોમાં ભારે ખળભળાટ, ગ્રામજનોની રજૂઆતો સાંભળી તાત્કાલિક નિરાકરણના આદેશ

(પ્રતિનિધિ) દાહોદ,તા.1

કલેક્ટર સુરભી ગૌતમે અંતરી યાળ કાળીગામ ઈનામીગામની અચાનક મુલાકાત લઈ ગ્રાચ વહીવટની બી કાર્યકર નું સ્થળ પર જ નિરીક્ષણ કર્યુ હતું. કલેક્ટરના પૂર્વ સૂચના વિના થયેલી મુલાકાત દરમ્યિાન સરકારી દફતાતો અને રેકર્ડની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. દાહોદ જિલ્લ રેકર્ડ અને સરકારી કામગીરીની કરાઈ ચકાસણી ગામ પંચાયત કચેરીની મુલાકાત લઈ સામાન્ય દફતર તેમજ જમીન, જન્મ-મરણ નોંધણી, વિકાસ કામોના હિસાબો અને વિવિધ યોજનાઓના દસ્તાવેજોની તપાસ કરી હતી. રેકર્ડમાં નોંધાયેલી વિગતો અને સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ વચ્ચે સુસંગતતા જળવાય તે અંગે આવશ્યક સુચના અપાઈ હતી. કલેક્ટરે ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી પીવાના પાણી, રસ્તા, વીજળી, શૌચાલય અને સરકારી યોજનાઓના લાભ મેળવવામાં પડતી મુશ્કેલીઓ સહિતના પ્રશ્નો સાંભલ્યા હતા. સંબંધિત અધિકારીઓ પાસેથી સ્થળ પર જ વિગતો મળી. અને સમય મર્યાદામાં નિરાકરણ લાવવા તાકીદ કરી. કલેક્ટરની આ લોકાભિમુખ અને અચાનક મુલાકાતથી સ્થાનિક વહીવટી તંત્રમાં સતર્કતા જોવા મળી હતી. સાથે જ ગ્રામજનોએ પોતાના પ્રશ્નો સીધા જિલ્લા વહીવટીતંત્ર સમક્ષ રજૂ કરવાની તક મળતા લોકોમાં વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

ફાયર સેફ્ટી અને આપત્તિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અપાયું

સંજેલીની તાલુકા અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં મોકડ્રીલ યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ,તા.1

તાલુકા અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, સંજેલી ખાતે વિદ્યાર્થીઓમાં ફાયર સેફ્ટી તથા આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ કેળવવાના હેતુથી માર્ગદર્શન અને મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય ડૉ. અંકિત મનુભાઈ સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને આગ લાગવાના સંભવિત કારણો, આગથી બચવાના ઉપાયો તેમજ આગની ઘટના સમયે રાખવાની જરૂરી સાવચેતી અંગે સરળ અને વ્યવહારુ રીતે સમજ આપવામાં આવી હતી. આગ લાગે ત્યારે શું કરવું અને શું ન કરવું તે અંગે પણ વિદ્યાર્થીઓને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોકડ્રિલ દરમિયાન આગની પરિસ્થિતિનું પ્રત્યક્ષ નિદર્શન કરાવી વિદ્યાર્થીઓને ગભરાયા વિના શાંતિ જાળવવી, સુરક્ષિત રીતે સ્થળાંતર કરવું અને નજીકના સુરક્ષિત સ્થળે પહોંચવા સહિતની બાબતોનો વ્યવહારુ અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

વેજલપુર પોલીસે ફરાર આરોપીને ઝડપી પાડ્યો

કાલોલ: એલ.સી.બી. ગોધરાના પોલીસ ઈન્સપેક્ટર એ.બી. વોરાની સૂચના મુજબ એ.એસ.આઈ. નરેન્દ્રસિહ જયરામસિહને બાતમીદારથી ચોક્કસ માહિતી મળી હતી કે, વેજલપુર પોલીસ સ્ટેશનના પ્રોહિ એક્ટ કલમ ૬૫એ,૬૫ઈ,૮૧ મુજબના ગુનામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપી નટવરભાઈ અમરસિંગ રાઠોડ (રહે. રોયણ તા.કાલોલ જી.પંચમહાલ નાનો) હાલમાં તેના ઘરે હાજર છે.બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે રોયણ ગામે આરોપીના ઘરે દરોડો પાડીને નટવરભાઈ અમરસિંગ રાઠોડને ઝડપી પાડ્યો હતો. આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે તેને વેજલપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

ભાથીજી મંદિર પાસે પાલિકાની બેદરકારીને લઇ ભારે રોષ ફેલાયો

કાલોલમાં ગણેશ આગમન વરઘોડામાં ખુલ્લી ગટરમાં DJનું ટ્રેક્ટર ફસાયું

(પ્રતિનિધિ) કાલોલ,તા.1

કાલોલ નગરમાં આગામી શ્રી ગણેશોત્સવને લઈને ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. નગરમાં ગણેશ મહોત્સવની તૈયારીઓ પૂર્ણ જોશમાં શરૂ થઈ ગઈ છે.જેના ભાગરૂપે વિવિધ યુવક મંડળો દ્વારા એક પછી એક શ્રી ગણેશજીની આગમન યાત્રાઓ યોજવામાં આવી રહી છે.ત્યારે કાલોલ શહેરમાં ગતરોજ મોડી રાત્રે ગણેશોત્સવના પ્રારંભે સમ્રાટ યુવક મંડળના ગણપતિ આગમનના પ્રથમ વરઘોડા દરમિયાન પાલિકાની બેદરકારી સામે આવી છે. જ્યાં કાલોલ નગરના ભાથીજી મંદિર પાસે નગરપાલિકા દ્વારા ગટર સાફસફાઈ કર્યા બાદ તેના ઢાંકણા યોગ્ય રીતે બંધ કરવામાં આવ્યા ન હતા. જેના કારણે વરઘોડામાં સામેલ DJ વાળાના ટ્રેકટરનું ટાયર ગટરમાં ફસાઈ ગયું હતું. આ ઘટનાથી વરઘોડો અટકી પડ્યો હતો અને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે એક તરફ ઉત્સવનો માહોલ અને બીજી તરફ રસ્તા વચ્ચે ફસાયેલા ટ્રેક્ટરના કારણે ભારે અફરાતફરી મચી જવા પામી હતી.જેના લીધે હાલાકી ભોગવવી પડી હતી. જ્યાં દીવસ દરમિયાન ટ્રાફિક ક્લિયર કરવામાં દરરોજ ટ્રાફિક પોલીસને પણ ભારે જહેમત ઉઠાવવી પડે છે. સ્થાનિકોમાં નગરપાલિકાની આ ઘોર બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઓમ નમ:શિવાયના નાદથી વાતાવરણ ગુંજી ઉઠયું

દાહોદ-કાળીડેમ વચ્ચે કેદારનાથના દર્શને ભકતો ઉમટતાં ટ્રાફિક જામ

(પ્રતિનિધિ) દાહોદ,તા.1

શ્રાવણ માસના ત્રીજા સોમવારે દાહોદ નજીક કાળીડેમ સ્થિત ચોસાલા ગામમાં આવેલા પૌરાણિક કેદારનાથ મહાદેવ મંદિર ખાતે ભક્તિ અને આસ્થાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ મહાદેવના દર્શન અને પૂજન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં મંદિર પરિસર હરહર મહાદેવના જયઘોષથી ગુંજી ઊઠયું હતું. શ્રાવણ માસમાં ભગવાન શિવની આરાધનાનું વિશેષ મહત્વ હોવાથી ત્રીજા સોમવારે પણ દાહોદ શહેર સહિત આસપાસના ગામો અને વિવિધ વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ કેદારનાથ મહાદેવના દર્શનાર્થે પહોંચ્યા હતા. ભક્તોએ મહાદેવને જળાભિષેક કરી, બિલિપત્ર, ફૂલ અને ધૂપ-દીપ અર્પણ કરી શિવલિંગની પૂજા-અર્ચના કરી હતી. મંદિરમાં દર્શન કર્યા બાદ ભક્તોના ચહેરા પર આસ્થા અને સંતોષની લાગણી જોવા મળી હતી. કેદારનાથ મહાદેવ મંદિર ખાતે શ્રાવણના સોમવાર નિમિત્તે મેળો ભરાતા સમગ્ર ચોસાલા ગામ અને મંદિર પરિસર ભક્તિમય વાતાવરણમાં રંગાયું હતું.

ફતેપુરા કન્યા વિદ્યાલયની બાલિકાઓ વોલીબોલમાં દ્વિતીય ક્રમાંકે આવી

(પ્રતિનિધિ) ફતેપુરા,તા.1

તાલુકો કક્ષાએ પસંદ કરેલી જાગૃતિ દાહોદ જિલ્લાની શાળાકીય રમતોત્સવ જિલ્લા કક્ષાની ગરબાડા ખાતે યોજાઇ હતી.તેમાં વોલીબોલની રમતો નું આયોજન કરવામાં આવ્યો હતો તેમાં તાલુકા કક્ષાએથી પસંદ થયેલી શાળા જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરા ની વિદ્યાર્થીનીઓ આ સ્પર્ધામાં ભાગ લઈને પ્રશંસનીય રમત રમીને આજરોજ જિલ્લા કક્ષાએ દ્વિતીય નંબરે મેળવીને વિજેતા થયેલ છે વોલીબોલની રમતમાં વિદ્યાર્થીનીઓ બહેનોએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને જિલ્લા કક્ષાએ ફતેપુરા તાલુકાનું અને શાળાનું તેમજ ગામનું નામ રોશન કરીને ગૌરવ વધાર્યું છે માટે આ સમગ્ર ટીમને શાળા પરિવાર તરફથી અને જિલ્લા કક્ષાના આયોજકો તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

પ્રશ્નો નહીં ઉકેલાય તો ૧૦ સપ્ટેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળની ચીમકી

ઝાલોદ પ્રાંત કચેરી ખાતે મહેસૂલી કર્મીઓ. દ્વારા ૧૪ પડતર પ્રશ્નો મુદ્દે ભારે વિરોધ

(પ્રતિનિધિ) દાહોદ,તા.1

ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા મહેસૂલી કર્મચારીઓના બઢતી-બદલી સહિતના ૧૪ પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. આ મુદ્દે આજે ઝાલોદ પ્રાંત કચેરી ખાતે મહેસૂલી કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. મહામંડળ દ્વારા મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી તથા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે ક્લાર્ક અને મહેસૂલી તલાટી સંવર્ગમાંથી બઢતી મેળવનારા કર્મચારીઓને મોટા પ્રમાણમાં દૂરના જિલ્લામાં નિમણૂક આપવામાં આવી છે. તેમજ સિનિયોરીટી યાદી સમયસર તૈયાર ન થવાના કારણે અનેક નાયબ મામલતદારો બઢતીથી વંચિત રહ્યા છે. ઓનલાઈન પોર્ટલ પર ઓટીપી અને થમ્બ પ્રક્રિયા સહિતની કામગીરીના કારણે કર્મચારીઓ માનસિક તણાવ અનુભવી રહ્યા હોવાની પણ રજૂઆત કરવામાં આવી છે. ૭ સપ્ટેમ્બરે કાળી પટ્ટી સાથે કામકાજ સ્થગિત, ૮ સપ્ટેમ્બરે માસ સીએલ અને ૧૦ સપ્ટેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળની ચીમકી અપાઈ હતી.